RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

E mail - prdpraval@yahoo.co.uk

✱Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✱ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✱ Volume : 12 ✱ Issue No. 117 ✱ Date: 18.2.2026,Wednesday ✱ Page :04 ✱ Rs. 1.00/- ✱ Annual Rs. 351/-

# મોદી-મેક્રોન ભાગીદારીથી વૈશ્વિક હેલિકોપ્ટર બજારમાં નવી દિશા



મુંબઈ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે ઐતિહાસિક બેઠક યોજાઈ, જેમાં બંને દેશો વચ્ચે એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડતું હેલિકોપ્ટર બનાવવા અને ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ વધારવાનો નિર્ણય લેવાયો.

આ બેઠક બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ફ્રાંસ ભારતનું સૌથી જૂનું વ્યૂહાત્મક ભાગીદાર છે. આજે અમે બંને દેશોના સંબંધોને વિશેષ, વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારી તરીકે સ્થાપિત કરી રહ્યા છીએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભારત અને ફ્રાંસ મળીને માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડતું વિશ્વનું પહેલું હેલિકોપ્ટર બનાવશે અને પછી તેને વિશ્વભરમાં આયાત કરશે.

એરબસ હેલિકોપ્ટર્સ અને ટાટા ગ્રુપ વચ્ચે થયેલા કરાર મુજબ, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL) ભારતની પહેલી ખાનગી હેલિકોપ્ટર એસેમ્બલી લાઈન સ્થાપિત કરશે. આ લાઈનમાં એરબસનું H125 હેલિકોપ્ટર તૈયાર કરવામાં આવશે, જે ભારત ઉપરાંત પડોશી દેશોમાં પણ નિકાસ થશે. આ પ્રોજેક્ટ 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનને મજબૂતી આપશે.

એરબસના CEO ગિલોમ ફોરીએ જણાવ્યું, હેલિકોપ્ટર રાષ્ટ્ર નિર્માણ માટે મહત્વપૂર્ણ છે. 'મેડ ઈન ઈન્ડિયા' સિવિલ હેલિકોપ્ટર દેશના હેલિકોપ્ટર માર્કેટને નવી દિશા આપશે. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરણે ઉમેર્યું, ×ટાટા ગ્રુપ ભારતની પહેલી ખાનગી હેલિકોપ્ટર એસેમ્બલી સુવિધા સ્થાપિત કરવા માટે ઉત્સાહિત છે.

આ એસેમ્બલી લાઈનમાં મુખ્ય ઘટકો, એવિયોનિક્સ, મિશન સિસ્ટમ્સ, ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક સર્કિટ્સ, ફ્લાઈટ કંટ્રોલ્સ, ફ્યુઅલ સિસ્ટમ અને એન્જિનનું સંકલન થશે. પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' H125 હેલિકોપ્ટરની ડિલિવરી ૨૦૨૬માં શરૂ થવાની સંભાવના છે. એરબસ અને ટાટા ગ્રુપ સંયુક્ત રીતે તેના સ્થાનનો નિર્ણય કરશે.

H125 હેલિકોપ્ટર વિશ્વમાં સૌથી વધુ વેચાતું સિંગલ એન્જિન હેલિકોપ્ટર છે, જે વિવિધ મિશન માટે ઉપયોગી છે. આ હેલિકોપ્ટર માઉન્ટ એવરેસ્ટ પર ઉતરાવાનું એકમાત્ર હેલિકોપ્ટર છે. ભારતમાં તેનો ઉપયોગ પેસેન્જર અને માલ પરિવહન, એમરજન્સી મેડિકલ સર્વિસ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદો અને વ્યવસ્થા, પ્રવાસન અને એરિયલ વર્ક માટે થશે. H125 હેલિકોપ્ટર ૩૮ મિલિયનથી વધુ ફ્લાઈટ કલાકનો અનુભવ ધરાવે છે.

પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું, આ પ્રોજેક્ટ્સ ભવિષ્યના નિર્માણ માટેના પ્લેટફોર્મ છે. અમે દરેક ક્ષેત્રમાં સ્વદેશી ઉદ્યોગો અને નવીનતાને પ્રોત્સાહન આપીશું. તેમણે ઉમેર્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત-ફ્રાંસ ભાગીદારી સ્થિરતા અને પ્રગતિ માટે મજબૂત તાકાત બની રહી છે. આમ, ભારત-ફ્રાંસ વચ્ચે હેલિકોપ્ટર ઉત્પાદન, ટેકનોલોજી, સંશોધન અને નવીનતા ક્ષેત્રે થયેલા કરારો બંને દેશોના વ્યૂહાત્મક સહયોગને નવી ઊંચાઈ પર લઈ જશે.

## લગ્ન પહેલા શારીરિક સંબંધ કેવી રીતે બાંધી શકાય : સુપ્રીમનો સવાલ



નવી દિલ્હી : લગ્ન પહેલા સંબંધ બાંધવાને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ટિપ્પણી કરવામાં આવી હતી જેની ભારે ચર્ચા થઇ રહી છે. સુપ્રીમના ન્યાયાધીશ બીવી નાગરત્નાની બેંચે કહ્યું હતું કે લગ્ન પહેલા શારીરિક સંબંધ બાંધતા પહેલા સાવધાની રાખવી જોઇએ, કદાચ અમારા વિચારો જુના હોઇ શકે પરંતુ અમે કહેવા માગીએ છીએ કે લગ્ન પહેલા કોઇ પર વિશ્વાસ ના કરવો જોઇએ.

સુનાવણી દરમિયાન સુપ્રીમના ન્યાયાધીશ નાગરત્નાએ વધુમાં કહ્યું હતું કે લગ્ન પહેલા એક છોકરો અને છોકરી બન્ને એકબીજાથી અજાણ હોય છે, તેમના સંબંધ સારા હોય કે ખરાબ અમને એ નથી સમજાતું કે તેઓ લગ્ન પહેલા શારીરિક સંબંધ કેવી રીતે બનાવી શકે ? તમારે બહુ જ સાવધાન રહેવું જોઇએ. લગ્ન પહેલા કોઇ પર વિશ્વાસ ના કરવો જોઇએ. આ સમગ્ર મામલો લગ્નના જુઠા વચન આપીને શારીરિક સંબંધ બાંધવા સાથે જોડાયેલો છે. મહિલા અને પુરુષ ૨૦૨૨માં એક મેટ્રિમોનિયલ વેબસાઇટના માધ્યમથી એકબીજાને મળ્યા હતા. બાદમાં બન્ને એકબીજા સાથે સંબંધમાં પણ જોડાયા હતા. જોકે કોઇ કારણોસર યુવકે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. બાદમાં યુવતી દ્વારા યુવક પર લગ્નના જુઠા વચન આપી શારીરિક સંબંધ બનાવવાનો આરોપ લગાવ્યો હતો. જોકે મામલો જ્યારે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે ન્યાયાધીશ નાગરત્નાની બેંચે મહિલાને સવાલ કર્યો હતો કે તે પોતાની મરજીથી આરોપીની સાથે દુબઇ કેમ ગઇ હતી? જ્યારે મહિલા તરફથી હાજર સરકારી વકીલે એવી દલીલ કરી હતી કે આરોપીએ કેટલાક અંગત પળોના વીડિયો પણ બનાવ્યા છે જેમાં મહિલાની કોઇ જ સંમતિ નહોતી. બાદમાં આ વીડિયોના માધ્યમથી તેને બ્લેકમેઇલ કરવામાં આવતી હતી અને વીડિયો જાહેર કરી દેવાની ધમકી પણ આપતો હતો. હવે આ મામલે બુધવારે વધુ સુનાવણી કરવામાં આવશે.

## SAમાં ફરી ગોળીબાર! આઈસ હોકી મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ, ૩ના મોત



અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની લોહિયાળ ઘટના સામે આવી છે, જેનાથી આખો દેશ સ્તબ્ધ છે. આ વખતે રોડ આઈલેન્ડમાં યોજાયેલી એક યુવા આઈસ હોકી મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ થયું, જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. આ ઘટના બાદ હુમલાખોરે પણ પોતાની જાતને ગોળી મારી ને આપઘાત કરી લીધો હતો.

ન્યૂઝ એજન્સી એપીના જણાવ્યા અનુસાર, પોટકેટ પોલીસ વડા ટીના ગોન્કાલ્વેસે મીડિયાને માહિતી આપી હતી કે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે શૂટરનું મૃત્યુ ખુદને મારેલી ગોળીથી થયું છે. જોકે આ અથડામણમાં પોલીસ તરફથી કોઈ ગોળીબાર થયો નહોતો, તેમ છતાં અધિકારીઓ સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યા છે.

આ 'ટાર્ગેટેડ' હુમલામાં બે પુખ્ત વયના લોકોના મોત થયા છે અને ત્રણ ગંભીર ઘાયલ છે, જ્યારે શૂટરે પોતે પણ ગોળી મારી આપઘાત કરી લીધો છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ કૌટુંબિક વિવાદ હોવાની આશંકા છે. હાલ પોલીસ પ્રોવિડન્સના 'ડેનિસ એમ. લિન્ચ એરેના' ખાતે સાક્ષીઓના નિવેદનો અને સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે જેથી આ આખી ઘટનાની કડીઓ જોડી શકાય.

વાઈરલ વીડિયોમાં ગોળીબારના અવાજ વચ્ચે ખેલાડીઓ અને પ્રેક્ષકો જીવ બચાવવા ભાગતા દેખાય છે. મેદાનની બહાર હાઈસ્કૂલના ખેલાડીઓ એકબીજાને ભેટીને રડતા હોય તેવા હૃદયદ્રાવક દ્રશ્યો પણ સર્જાયા હતા. આ ઘટના બાદ પોલીસે આસપાસના રસ્તાઓ બંધ કરી હેલિકોપ્ટર દ્વારા સર્વેલન્સ હાથ ધર્યું હતું.

## ચીને અરૂણાચલથી ૮૦૦ કિ.મી. દૂર પરમાણુ હથિયારો માટે મથકો બનાવ્યાં



વૉશિંગ્ટન : ચીને સિચુઆન પ્રાંતમાં પહાડીઓની વચ્ચે બંકરો બનાવ્યા છે. એ બંકરો સાધારણ નથી. એ પહાડીઓની વચ્ચે બનાવેલા પરમાણુ મથકો છે. અમેરિકાના જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. ચાર વર્ષની સેટેલાઈટ ઈમેજના આધારે કહેવામાં આવ્યું છે કે ચીન ઝડપભેર પરમાણુ મથકો વિકસાવી રહ્યું છે. પાંચ વર્ષમાં ચીન તેના પરમાણુ હથિયારોની સંખ્યા બમણી કરવાની પેરવીમાં છે. ભારત માટે આ કારણે જોખમ વધશે.સિચુઆન પ્રાંતના જિટોન્ગ નામના પહાડમાં ચીને મોટા મોટા બંકરો બનાવ્યા છે. એમાં અંદર વિશાળ પાઈપની જાળ બિછાવવામાં આવી છે. એ સાધારણ બંકરો નથી. અમેરિકન નિષ્ણાતોના કહેવા પ્રમાણે આ બંકરો પરમાણુ મથકો છે. ચીન પહાડોની વચ્ચે પરમાણુ તૈનાત રાખવા માટે સ્ટેશન બનાવી રહ્યું છે. અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં દાવો થયો હતો કે ચીન તેની સ્ટ્રેટજિક પોઝિશન સતત મજબૂત બનાવી રહ્યું છે. તેના ભાગરૂપે પહાડોની વચ્ચે પરમાણુ બંકરો બનાવે છે. ૨૦૨૨થી ૨૦૨૬ની સેટેલાઈટ ઈમેજનો અભ્યાસ કર્યા બાદ નિષ્ણાતોને આ પહાડીઓમાં રહસ્યમય લશ્કરી ગતિવિધિ જણાઈ હતી. બંકરોની સાઈઝ અને બાંધકામના આધારે એવું તારણ કાઢવામાં આવ્યું કે ચીને એ બંકરો પરમાણુ હથિયારો તૈનાત કરવા બનાવ્યા છે. દુનિયાની નજરમાં પરમાણુ હથિયારો ન આવે તે માટે ચીને પહાડીઓની વચ્ચે હથિયારો તૈનાત કરવાનો આ કીમિયો અજમાવ્યો છે. અગાઉ પણ અમેરિકાની એકથી વધુ થિંક ટેંકે એવો દાવો કર્યો હતો કે ચીન પાસે અત્યારે ૫૦૦ પરમાણુ હથિયારો છે. ચીન પાસે ૨૫૦થી ૩૫૦ હોવાની શક્યતા છેક હમણા સુધી વ્યક્ત થતી હતી, પરંતુ ચીન પાસે ૫૦૦ જેટલા પરમાણુ હથિયારો થઈ ચૂક્યા છે અને ૨૦૩૦ સુધીમાં ચીન આ આંકડો એક હજારે પહોંચાડવા ધારે છે. મેસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના કહેવા પ્રમાણે ચીન જિટોંગ અને પિંગટોંગ જેવા પહાડોમાં પરમાણુ મથક બનાવે તો ભારત જેવા પાડોશી દેશ માટે ચિંતાનો વિષય છે. ચીન અવિરત પરમાણુ

## UKનો સરકારી બિલાડો 'લેરી': 6 PM બદલાયા પણ તે ૧૫ વર્ષથી 'સત્તા'માં! વર્લ્ડ લીડર્સ સામે પણ રાજા જેવો મિજાજ




રાજકારણ એક એવું ક્ષેત્ર છે જેમાં સામેલ થનાર જાણીતા તો થઈ જ જાય, પછી એ માણસ હોય કે જાનવર. વાત છે એક એવા પ્રાણીની જે રાજકારણીઓ સાથે ઘરોબો કેળવીને ખૂબ લોકપ્રિય બની ગયું છે. યુનાઈટેડ કિંગડમમાં 'લેરી' નામનો એક બિલાડો છે જે ત્યાંના સત્તાના કેન્દ્ર એવા ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં વડાપ્રધાનના પરિવાર સાથે રહે છે અને પ્રસિદ્ધ થઈ ગયો છે. ચાલો, જાણીએ કે લેરી બ્રિટનના સોફ્ટ પાવરનું પ્રતિક કઈ રીતે બન્યો.

લેરીનો જન્મ ૨૦૦૭માં રસ્તા પર થયો હતો. પછીથી એને લંડનના પ્રાણીઘર [illegible] લઈ જવાયો હતો. ૨૦૧૧માં તત્કાલીન વડાપ્રધાન ડેવિડ કેમેરોને ત્યાંથી લેરીને અપનાવ્યો અને એને પોતાના સત્તાવાર નિવાસસ્થાન '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ' લઈ આવ્યા. ત્યારથી લેરી ત્યાં જ રહે છે. તે મિશ્ર પ્રજાતિનો છે, પણ શરીર પર ભૂખરા અને સફેદ રંગની રુંવાટી હોવાથી તેને 'ગ્રે-એન્ડ-વ્હાઈટ ટેબી' તરીકે ઓળખાવાય છે.

લેરી '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ'નો 'ચીફ માઉસર' છે. ચીફ માઉસર (ઝરૈક રૈંજીાિ) એટલે સરકારી ઈમારતમાં ઉંદરો પકડવાની જવાબદારી ધરાવતી બિલાડી માટે આપવામાં આવતું સન્માનજનક પદ. લેરીનું કામ ઉંદરોને દૂર રાખવાનું છે, જેથી ઉંદરો કાગળો, ખોરાક અને ઈમારતને નુકસાન ન પહોંચાડે. અલબત્ત, આ કામ માટે લેરીને કોઈ ફરજ પાડવામાં નથી આવતી. બિલાડી પ્રકૃતિથી જ ઉંદરની દુશ્મન ગણાતી હોવાથી લેરી કુદરતી રીતે જ એને સોંપવામાં આવેલું કામ કર્યે જાય છે. તે મોટેભાગે '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ'ના મુખ્ય દરવાજાની બહાર બેસીને ચોકી કરતો હોય છે.

લેરી રાજકારણથી પર છે, તે કોઈ પક્ષનો નથી. આ નિષ્પક્ષતા તેને વિશેષ બનાવે છે. ઉપરાંત વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનમાં તેની હાજરી વિશ્વ સમક્ષ એવો સંદેશ રજૂ કરે છે કે બ્રિટિશ સત્તા કઠોર નથી, પણ માનવીય, હળવાશપૂર્ણ અને મિત્રતાભરી છે. વૈશ્વિક નેતાઓ સાથેની લેરીની તસવીરો, મીડિયા દ્વારા મળતું મહત્ત્વ અને સોશિયલ મીડિયામાં હાજરી દ્વારા લેરી બ્રિટનને આકર્ષક રીતે 'રીપ્રેઝન્ટ' કરે છે, જે કોઈ રાજકીય ભાષણ કરતાં વધુ અસરકારક સાંસ્કૃતિક પ્રભાવ ઊભો કરે છે. આ બધાં કારણોને લીધે લેરીને બ્રિટનના 'સોફ્ટ પાવર'નું પ્રતિક કહેવાય છે.

૨૦૧૧થી અત્યાર સુધીમાં લેરી બ્રિટનના છ વડાપ્રધાનોના કાર્યકાળનો સાક્ષી બન્યો છે. ડેવિડ કેમેરોન પછી થેરેસા મે, બોરિસ જોન્સન, લિઝ ટ્રસ, ઋષિ સુનક અને કીર સ્ટાર્મરનો સાથી બનેલો લેરી બ્રિટિશ રાજકારણમાં સ્થિરતા અને પ્રામાણિકતાનું પ્રતિક ગણાય છે.

સત્તાવાર સરકારી નિવાસસ્થાનનો ખર્ચ જનતાના ટેક્સના પૈસે નિભાવાતો હોય છે,

# હરિયાણામાં પણ ઇન્દોર જેવો કાંડ દુષિત પાણીથી ૧૨ લોકોનાં મોત



પલવલ : મધ્ય પ્રદેશના ઈન્દોરમાં દુષિત પાણી પીવાને કારણે અનેક લોકો માર્યા ગયા હતા. આ કાંડની સમગ્ર દેશમાં ચર્ચા હતી ત્યારે હવે હરિયાણામાં પણ ઈન્દોર જેવી જ ઘટના સામે આવી છે. માહિતી મુજબ હરિયાણાના પલવલમાં દુષિત પાણીને કારણે ૧૨ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક લોકો બીમાર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃત્યુઆંક એક બે દિવસ નહી પણ સપ્તાહથી વધુનો હોવાના અહેવાલો છે. હરિયાણાના પલવલમાં જે ૧૨ લોકો માર્યા ગયા તેમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. જેમાં ચાર લોકોના મોત હેપેટાઇટિસ-બીને કારણે થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પલવલ જિલ્લામાં છાંયસા ગામમાં બીમારીના કેસો સામે આવ્યા છે જેની તપાસ માટે સ્વાસ્થ્ય વિભાગની ટીમને ગામમાં તૈનાત કરવામાં આવી છે.

ગામમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી છે. જોકે કેટલાક ગ્રામીણોંનો દાવો છે કે મૃતકોની સંખ્યા આનાથી વધુ છે અને તેમાં કેટલાક યુવા વયના પણ સામેલ છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ મૃતકોમાં ચાર લોકોના મોતનું કારણ હેપેટાઇટિસ-બી હોવાનું સામે આવ્યું છે. અન્ય ત્રણ મામલાઓમાં મોતનું કારણ તપાસ બાદ જ સામે આવી શકશે. હાલમાં દુષિત પાણી જવાબદાર હોવાની શક્યતાઓને નકારી ના શકાય તેમ પણ અધિકારીઓએ કહ્યું હતું. હેપેટાઇટિસ-બી એક ગંભીર સંક્રમણ છે, જે વાયરસને કારણે ફેલાતો હોય છે.

હાલમાં આ વિસ્તારમાં રાજ્યના સ્વાસ્થ્ય વિભાગની ટીમ લોકોના લોહીના નમૂના લઈ રહી છે અને તપાસ કરી રહી છે. જે વિસ્તારમાં આ ઘટના સામે આવી છે ત્યાં છ હજારથી વધુ લોકો રહે છે જેથી તમામ લોકોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

## ટ્રેનમાં કોઈના પર વિશ્વાસ કરતાં પહેલા ચેતજો! અમદાવાદથી ગોરખપુર જતી ટ્રેનમાં્ ઈએ જ પાપ આચર્યું

અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ ટ્રેનમાં એક યુવતીને સીટ અપાવવાની લાલચ આપીને્ ઈ (ટિકિટ ચેકર) દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટના રવિવારે એસી ફર્સ્ટ ક્લાસ કોચના કેબિનમાં ઈન્દારા અને દેવરિયા સ્ટેશન વચ્ચે બની હતી.પીડિતાના જણાવ્યા અનુસાર, જ્યારે તેણે બૂમાબૂમ કરી અને ડાયલ ૧૧૨ પર પોલીસને જાણ કરી, ત્યારે આરોપી્ ઈ દેવરિયા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ઉતરીને ફરાર થઈ ગયો હતો. ટ્રેન જ્યારે ગોરખપુર પહોંચી ત્યારે પીડિતાએ જીઆરપી (ર્યઁ) પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાવ્યો હતો. જેને બાદમાં દેવરિયા ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. હાલ પોલીસની ટીમો આરોપીને પકડવા માટે દરોડા પાડી રહી છે.મઉ જિલ્લાની રહેવાસી પીડિતા ગોરખપુરમાં ભાડે રૂમ રાખીને સૈન્યમાં ભરતીની તૈયારી કરી રહી છે. રવિવારે તે મઉ સ્ટેશનથી ટ્રેનમાં બેઠી હતી. તેની પાસે ટિકિટ ન હોવાથી તે એસી કોચમાં ઉભી હતી. ત્યારે રાહુલ કુમાર નામનો ટીટી તેની પાસે આવ્યો હતો.આ દરમિયાન ઈન્દારા સ્ટેશન પાસે તેને્ ઈ રાહુલ કુમાર મળ્યો હતો. તેણે યુવતીને સીટ અપાવવાનો ભરોસો આપી એસી ફર્સ્ટ ક્લાસ કોચમાં લઈ ગયો હતો. પોતાના કેબિનમાં બેસાડ્યા બાદ તેણે અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો અને યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાએ હિંમત દાખવી બૂમો પાડી અને પોલીસને ફોન કરતા આરોપી ગભરાઈને દેવરિયા સ્ટેશન આવતા જ ભાગી છૂટ્યો હતો.પીડિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી તેનું મેડિકલ પરીક્ષણ કરાવવામાં આવી રહ્યું છે. એસપી રેલવે (જીઁ ઇ્દૈઙ્મુટ્વઅ) લક્ષ્મીનિવાસ મિશ્રાએ જણાવ્યું હતું કે, બિહારના રહેવાસી આરોપી્ ઈને પકડવા માટે શોધખોળ ચાલુ છે. ટૂંક સમયમાં જ તેની ધરપકડ કરવામાં આવશે. રેલવેના ઉચ્ચ અધિકારીઓને પણ આ ગંભીર મામલાની જાણ કરી

## તંત્રી સ્થાનેથી..

### સેન્સેક્સ ૬૫૦ પોઈન્ટની છલાંગે ૮૩૨૭૭

મુંબઈ : આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ ઉદ્યોગને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈની ક્રાંતિથી અસ્તિત્વનો ખતરો બનવાના ભયને આજે નવી દિલ્હીમાં શરૂ થયેલી એઆઈ સમિટમાં ઈન્ડસ્ટ્રીઝના નિષ્ણાંતો, ઉદ્યોજકોએ માન્યતાથી ઓછી અસર થવાના અંદાજો આપતાં અને ભારતીય ઉદ્યોગો માટે યુ.એસ. ટ્રેડ ડિલ સંમતિ અને યુરોપીયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ ડિલથી પોઝિટીવ અસરના અંદાજોએ લોકલ ફંડો, મહારથીઓએ આજે બેંકિંગ-ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાનીમાં બે દિવસના ઘટાડાને બ્રેક લગાવી છેલ્લી ઘડીમાં તોફાની તેજી કરી હતી. આ સાથે ફોરેન ફંડોની કેશમાં વેચવાલી સામે શોર્ટ કવરિંગની તેજી જોવાઈ હતી. બેંકિંગ ક્ષેત્રે નિયામક ફેરફારો સ્પષ્ટ થતાં અને પ્રવાહિતાની સાનુકૂળ સ્થિતિએ ધિરાણ વૃદ્ધિ વધવાની અને એસેટ ગુણવતા સુધરવાની અપેક્ષાએ ફંડોએ આજે બેંકિંગ શેરોમાં તેજી કરી હતી. કેપિટલ ગુડઝ, મેટલ-માઈનીંગ, કન્ઝયુમર ડયુરેબલ્સ, ફાર્મા, ઓઈલ-ગેસ શેરોમાં પણ ફંડોના વેલ્યુબાઈંગ અને આઈટી શેરોમાં શોર્ટ કવરિંગે છેલ્લી ઘડીમાં તેજી પ્રબળ બની હતી. સેન્સેક્સ ૬૫૦.૩૯ પોઈન્ટની છલાંગે ૮૩૨૭૭.૧૫ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૧૧.૬૫ પોઈન્ટ ઉછળીને ૨૫૬૮૨.૭૫ બંધ રહ્યા હતા. જો કે ઓટોમોબાઈલ શેરોમાં ફંડો વેચવાલ રહ્યા હતા.

## AI આધારિત વિવિધ મોડલનું નિરીક્ષણ કરતા પીએમ નરેન્દ્ર મોદી




નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જિયો ઈન્ટેલિજન્સ પેવેલિયનની મુલાકાત લીધી હતી. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ દરમિયાન બનાવવામાં આવેલા પેવેલિયનમાં તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત વિવિધ મોડલ અને ટેકનોલોજી સોલ્યુશન્સનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાને જિયો એઆઈ સ્ટેક, જિયો સંસ્કૃતિ એઆઈ, જિયો આરોગ્ય એઆઈ, જિયો શિક્ષા અને જિયો એઆઈ હોમ જેવા પ્લેટફોર્મના લાઈવ ડેમો જોયા હતા. આ તમામ પ્લેટફોર્મનો હેતુ ઉદ્યોગોમાં સ્માર્ટ ડેટા અને વધારો, ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું, આરોગ્ય સેવાઓ સુધારવી, શિક્ષણને મજબૂત બનાવવું અને એઆઈ આધારિત સ્માર્ટ જીવનને શક્ય બનાવવું છે.રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમીટેડના ચેરમેન આકાશ અંબાણીએ પીએમને જિયોના સમગ્ર એઆઈ ઈકોસિસ્ટમ વિશે માહિતી આપી હતી. તેમણે સમજાવ્યું કે આ ટેકનોલોજી વિવિધ ક્ષેત્રોમાં ડિજિટલ પરિવર્તન ઝડપથી આગળ ધપાવવામાં મદદ કરશેકંપનીએ પોતાના એઆઈ ફોર ઓલના વિઝન પર ભાર મૂક્યો હતો. કંપનીનું કહેવું છે કે આધુનિક ટેકનોલોજી દરેક વ્યક્તિ સુધી સરળતાથી અને સમાન રીતે પહોંચે તે જરૂરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ અગાઉ પણ જણાવ્યું છે કે ટેકનોલોજીનું સાચું મૂલ્ય ત્યારે છે, જ્યારે તે સમાજના દરેક વ્યક્તિને લાભ આપે.આ સમિટમાં ભારત તેમજ

## માત્ર ફોટો પડાવવા બસ શરૂ કરાઈ? રાજુલામાં સ્ન્છએ લીલી ઝંડી બતાવી અને બીજા જ દિવસથી રૂટ બંધ




મહાકાય ઉદ્યોગોના વિસ્તાર રાજુલા જાફરાબાદ પંથકમાં બસસેવાના નામે સાવ મીંડુ છે. અહીં ધારાસભ્યે લીલી ઝંડી આપીને શરૂ કરાવેલા રૂટ જુદા-જુદા બહાનાઓ હેઠળ વિભાગીય નિયામક અને ડેપોમેનેજરે બંધ કરાવી દીધા પછી શરૂ થયા જ નથી. આ પંથકમાંથી ભાવનગર, વેરાવળ, પ ા ે ર બ ં દ ર, અમરેલી,જામજોધપુર જવા માટે બસની ફ્રિકવન્સી ઓછી હોવાથી મુસાફરો હેરાન થઈ રહ્યા છે. જ્યારે સામી બાજુ એસટી તંત્ર ઓછા સ્ટાફની કેસેટ વગાડે છે.રાજુલા પંથકમાંથી બહાર જવા માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ લીલીઝંડી દર્શાવીને રૂટો શરૂ કરાવ્યા હતા. જેમાં સવારે ૫ કલાકે રાજુલા ભાવનગર, બપોરે બે કલાકે રાજુલા રાજકોટ, જૂનાગઢ વગેરે રૂટો શરૂ કરાવ્યા હતા. પરંતુ બીજા જ દિવસથી આ રૂટો એસટીએ યેનકેન બહાના બતાવીને બંધ કરી દીધા છે. અહી ડ્રાઈવર નથી, કંડકટર નથી રસ્તો ખરાબ છે એવા બહાના બતાવી દેવામાં આવે છે. અહીથી સુરત કે મુંબઈ કે જૂનાગઢ જવા માટે એક પણ બસ નથી. રાજુલાથી ભાવનગર જવું હોય તો બપોરે ૧૧થી ૨ સુધી કોઈ બસ મળતી નથી, વેરાવળ કે પોરબંદર જવા માટે છે ક ૧૧ વાગ્યે, વેરાવળ કે પોરબંદર જવા બપોરે ૩ વાગ્યે એમ લાંબા સમય અંતરે બસ મળે છે. અમરેલી જવા સાંજે ૫થી રાતના ૮ સુધીમાં એક પણ બસ મળતી નથી. રાજુલા જામજોધપુર રૂટની આવક આપતી બસ વર્ષોથી ચાલતી હતી. છતાં આ બસ રૂટ બંધ કરી દેવામાં આવ્યો છે.એસટી તંત્રના પાપે એભલવડ, પીસડી, લોર, ધારાબંદર, બાબરકોટ, વાઢ, વારાહસ્વરૂપ ભાકોદર, ઉસરિયા, ધારાનાનેસ, ભેરાઈ રામપરા, નેસડી, શિયાળ જેટી, નવાામ, મહુદડા, જીંઝકા, ધકારેશ્વર, ભાક્ષી, મોટા ભંડારિયા, મોરંગી, મોભીયાણા, છાપરી, ડોળિયા, બાલાપર, મહુન્દ્રા, મજાદર, વડગામ વગેરે ગામના વિદ્યાર્થીઓની

## JEEના વિદ્યાર્થીઓ માટે ખુશખબરઃ જેમિનીની ફ્રી મોક ટેસ્ટ




નવી દિલ્હી : ભારતની પ્રતિષ્ઠિત સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ માટે આપવામાં આવતી જેઈઈ (જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ)ની તૈયારીઓમાં એઆઈનો પ્રવેશ થયો છે. હવેથી, ગૂગલના ચેટબોટ જેમિની પર વિદ્યાર્થીઓ મફતમાં મોક ટેસ્ટ આપી શકશે. મોક ટેસ્ટ માટે વિદ્યાર્થીઓ મોટી રકમ ખર્ચ કરતા હોય છે ત્યારે, ગૂગલ દ્વારા આ ટેસ્ટ ફ્રીમાં રાખવામાં આવી છે. આ નવા ફીચર સાથે જ વિશ્વના સર્ચ જાયન્ટ ગૂગલની રૂ. ૧ લાખ કરોડના કોચિંગ માર્કેટમાં એન્ટ્રી થઈ છે.

ગૂગલ દ્વારા મોક ટેસ્ટને તાજેતરના અભ્યાસક્રમ મુજબ બનાવવામાં આવ્યા છે. આ સાથે જ તે સાચી પરીક્ષા જેવી જ મુશ્કેલ હોય છે. જાણીતી કોચિંગ કંપનીઓના પ્રશ્ન પત્રો અને અન્ય સામગ્રીઓના અભ્યાસ બાદ જ આ મોક ટેસ્ટ બનાવવામાં આવી છે. વિદ્યાર્થીઓને ટેસ્ટ બાદ નબળા અને મજબૂત વિષયો તથા સ્ટડી પ્લાન સહિતની માહિતી આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીઓએ ગૂગલ જેમિનાઇ પર કોઈપણ સબસ્ક્રિપ્શન વિના ફક્ત લોગ-ઈન કરવાનું રહેશે.

ગૂગલ જેમિની સ્ટડી આસિસ્ટન્ટ તરીકે પણ કામ કરે છે. તે વિદ્યાર્થી માટે નોટ્સ અપલોડ કરવાની સાથે ક્વીઝ પણ બનાવી આપે છે. તે સ્ટડી ગાઈડ તૈયાર કરે છે અને વિદ્યાર્થીઓને ટૂંકમાં મહત્વના વિષયોની માહિતી આપે છે. ગૂગલ ભારતમાં એઆઈ અભ્યાસનો વિસ્તાર કરવા પાછળ રૂ. ૮૫ કરોડનો ખર્ચ કરવાનું છે. તે ૨૦૨૭ સુધીમાં ૭.૫ કરોડ વિદ્યાર્થીઓ અને ૧૮ લાખ શિક્ષકો સુધી પહોંચવા માંગે છે. ગૂગલે અમેરિકામાં એસએટી એક્ઝામ મોક ટેસ્ટ શરૂ કર્યા છે.

આઈઆઈટીના પૂર્વ વિદ્યાર્થી રહેલા સુંદર પિચાઈએ કહ્યું કે, એઆઈ ટૂલ્સ તેમના સમયમાં આવી હોત તો તેમને મદદ મળી હોત. ઉલ્લેખનીય છે કે, ભારતના કોચિંગ માર્કેટમાં અનેક સંસ્થાઓ તેમના ઓફલાઈન પ્રોગ્રામ માટે રૂ. ૧ થી ૨ લાખની ફી વસૂલે છે. તેમની ટેસ્ટ સિરીઝની ફી રૂ. ૩,૮૦૦થી રૂ. ૫,૯૦૦ સુધીની હોય છે. ઘણી સંસ્થાઓ અનેક ઓફર્સ સાથે ડિસ્કાઉન્ટ પણ આપતી હોય છે. પરંતુ, વિદ્યાર્થીઓ પર આ મોક ટેસ્ટની સાથે અનેક નવી સ્કીમ ખરીદવાનું દબાણ રહેતું હોય છે.

નવી દિલ્હી : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો વધતો પ્રભાવ ભારતીય આઈટી સેક્ટર માટે પર પરિવર્તન લાવી શકે છે.

## પીએમ મોદીના હસ્તે દુનિયાની સૌથી મોટી એઆઈ સમિટનું ઉદઘાટન



નવી દિલ્હી : ભારતમાં વિશ્વની સૌથી મોટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સમિટનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આશ્ચર્યની વાત એ છે કે એઆઈના ત્રણ માંધાતા ગૂગલના સુંદર પિચાઈ, ઓપન એઆઈના સામ ઓલ્ટમેન અને એન્થ્રોપિકના ડારિયો એમોડેઈની ગેરહાજરી છતાં પણ એકદમ જામપેક્ડ હોલમાં પીએમ મોદીએ આ એઆઈ સમિટનો આરંભ કર્યો હતો. આ સમિટ ૨૦મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

ભારત મંડપમ ખાતે યોજાયેલી આ એઆઈ સમિટમાં પ્રતિનિધિઓ, સ્પીકરો અને મહેમાનોને આવકારતા મોટા બિલબોર્ડ લગાવવામાં આવ્યા હતા. એઆઈ સમિટના અંતિમ બે દિવસ ૧૯ અને ૨૦મી ફેબ્રુઆરીના રોજ વીસ દેશના વડા પણ ભાગ લેશે. તેમા ફ્રાન્સના પ્રમુખ મેક્રો અને બ્રાઝિલના પ્રમુખ લુલા ડા સિલ્વાનો પણ સમાવેશ થાય છે. ૧૬થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ સમિટમાં ૩,૨૫૦ વક્તાઓ અને ૫૦૦થી પણ વધુ સત્રો હશે.

એઆઈ ઈન્ડિયા ઈમ્પેક્ટ એક્સપોમાં ૬૦૦થી વધુ સંભવિત સ્ટાર્ટઅપ્સ ભાગ લઈ રહ્યા છે અને ૧૩ કન્ટ્રી પેવેલિયન પણ તેનો હિસ્સો બન્યા છે. આના પરથી એઆઈ ઈ ક ો સિ સ્ટ મ મ ા ં આંતરરાષ્ટ્રીય સહયોગ પણ નજરે પડે છે. પીએમ મોદીએ એક્સ્પોમાં ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ કર્યો હતો.આ એક્સ્પો ગ્લોબલ ટેકનોલોજી ફર્મ્સ, સ્ટાર્ટઅપ્સ, એકેડેમિયા અને રિસર્ચ ઈન્સ્ટિટયુશન્સ, કેન્દ્ર અને રાજ્ય સરકારો તથા આંતરરાષ્ટ્રીય ભાગીદારોને એક જ પ્લેટફોર્મ્સ પર લાવે છે. આ એક્સ્પો કુલ ૭૦ હજાર ચોરસ મીટરથી વધુ જગ્યામાં ફેલાયું છે.

એઆઈ સમિટ્સના ઉદઘાટન વચ્ચે કેન્દ્ર સરકારે પણ સ્પષ્ટ કરી દીધું છે કે એઆઈને ખુલ્લી છૂટ આપવામાં નહીં આવે. ટેકનોલોજીની સાથે-સાથે કાયદાકીય રીતે મજબૂત અને ટેકનોલોજીકલ સુરક્ષા માળખુ બનશે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ક્રીએટર્સ, કોપીરાઇટ, બાળકોની સલામતી અને સામાજિક વિશ્વાસ સર્વોપરી છે. સરકાર પણ એઆઈની વૃદ્ધિની સાથે-સાથે રિસ્કીલ, અપસ્કીલ અને ન્યુસ્કિલ કાર્યક્રમો પર ભાર મૂકી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત ટેકનોલીગલ ફ્રેમવર્ક અપનાવશે. તેનો અર્થ એમ કરી શકાય કે ટેકનોલોજીકલ ઉપાય પણ સાથે-સાથે લાગુ કરવામાં આવશે.

# ડાંગ જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણાકાર્યક્રમ અંતર્ગત તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ




ડાંગ જિલ્લામાં કુલ ૧,૯૪,૬૫૩ મતદારો આખરી મતદારયાદીમાં સમાવિષ્ટ

(ડાંગ માહિતી બ્યુરો): આહવાઃ તાઃ ૧૭ઃ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની વખતોવખતની સૂચના અનુસાર તા.૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા-૨૦૨૬ની કાર્યવાહી તા.૨૮.૧૦.૨૦૨૫થી શરૂ કરવામાં આવી હતી, જે તા.૧૭.૦૨.૨૦૨૬ સુધી સફળતાપૂર્વક ચાલુ રહી હતી. આ સમગ્ર પ્રક્રિયાનો મુખ્ય હેતુ યોગ્ય અને લાયક મતદારોના નામ મતદારયાદીમાં સમાવેશ થાય તથા મતદારયાદી વધુ સચોટ, પારદર્શક અને અપડેટ રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

તા.૧૭.૦૨.૨૦૨૬ મંગળવારના દિવસે ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ બાબતે માન્ય રાજકીય પક્ષો સાથે આજરોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ બેઠક યોજી મતદારયાદી તથા સેવા મતદારોની વિગત દર્શાવતી યાદીની નકલ તથા મતદારયાદીની સોફ્ટ કોપી આપવામાં આવેલ છે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર, 'મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ - ૨૦૨૬' અંતર્ગત આજરોજ જિલ્લાની ૧૭૩-ડાંગ વિધાનસભા બેઠક માટેની આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ આખરી મતદારયાદી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, તમામ મતદાન મથકો, તમામ ગ્રામ પંચાયતો તથા નિયત સ્થળોએ જાહેર કરવામાં આવી છે.

ઉપરાંત સેવા મતદારો માટેના છેલ્લા ભાગની મતદારયાદીની પણ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે, જેથી તમામ મતદારોને પોતાના નામની ચકાસણી કરવાની સુવિધા ઉપલબ્ધ બને.

આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી શાલિની દુહાને જણાવ્યું હતું કે, ૧૭૩-ડાંગ વિધાનસભા મતવિસ્તારમાં અગાઉ નોંધાયેલા ૨૦૧૬૮૨ મતદારો પૈકી ૧૯૦૫૬૧ મતદારો યથાવત રહ્યા છે તથા ૪૦૯૨ (દ્વી છદ્ઘંદ્બૈંહ) નવા મતદારો ઉમેરાયા છે. આજ રોજ પ્રસિદ્ધ થયેલ ડાંગ જિલ્લાની મતદારયાદીમાં કુલ ૧૯૪૬૫૩ મતદારોનો સમાવેશ થયેલ છે. તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીએ પ્રજા જોગ સંદેશ આપતાં જણાવ્યું છે કે, ×લોકશાહીના પર્વમાં સહભાગી થવા માટે દરેક પાત્રતા ધરાવતા નાગરિકનું નામ મતદારયાદીમાં હોવું અનિવાર્ય છે. આખરી પ્રસિદ્ધિ બાદ પણ જો કોઈ ક્ષતિ જણાય તો નિયત ફોર્મ ભરીને સુધારો કરાવી શકાય છે.×

# ડાંગ દરબાર-૨૦૨૬ માં સ્ટોલના ભાડાના દરો અને લાઈટ બિલના અન્યાયી નિયમોમાં સુધારો કરવા રજુઆત



આગામી સમયમાં યોજાનાર 'ડાંગ દરબાર-૨૦૨૬' એ આપણા જિલ્લાનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો છે. આ મેળામાં સ્થાનિક અને બહારના નાના-મોટા અનેક વેપારીઓ પોતાનો વ્યવસાય કરી રોજગારી મેળવતા હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સ્ટોલના ભાડા અને લાઈટ બિલના નિયમો વેપારીઓ માટે આર્થિક રીતે બોજારૂપ બની રહ્યા છે.

આ બાબતે અમારે નીચે મુજબની રજૂઆતો ધ્યાને લેવા વિનંતી છે:ગ્રામ પંચાયતના ઠરાવનો અમલઃ આહવા ગ્રામ પંચાયત દ્વારા તારીખ ૨૩/૦૧/૨૦૨૬ ના રોજ મળેલી ગ્રામસભામાં એક મહત્વપૂર્ણ ઠરાવ કરવામાં આવ્યો છે. જેમાં સ્થાનિક વેપારીઓ માટે ?૨,૦૦૦ અને બહારથી આવતા વેપારીઓ માટે ?૩,૦૦૦ સ્ટોલનું ભાડું નક્કી કરવામાં આવ્યું છે. લોકશાહી ઢબે લેવાયેલા આ નિર્ણયનો ડાંગ દરબારના પ્લોટ ફાળવણીમાં અમલ કરવામાં આવે તે ન્યાયિક છે.બિલના નિયમોમાં સુધારોઃ હાલના લાઈટ બિલના નિયમો વેપારીઓ માટે અન્યાયી જણાય છે. તેમાં વ્યાજબી સુધારો કરી, વેપારીઓ પરનો આર્થિક ભાર ઓછો કરવામાં આવે તેવી અમારી માંગણી છે.અને જે લોકોને જરૂર નથી તેવા સ્થાનિક વેપારીઓને વીજળી કનેકશન આપવા દબાણ ના કરવામાં આવે એવી વિનંતી છે.સ્થાનિક રોજગારીને પ્રોત્સાહનઃ જો ભાડાના દરો વ્યાજબી અને પંચાયતના ઠરાવ મુજબ રહેશે, તો ડાંગના સ્થાનિક આદિવાસી અને નાના વેપારીઓ વધુ સંખ્યામાં ભાગ લઈ શકશે અને તેમને પ્રોત્સાહન મળશે.

આપને નમ્ર વિનંતી છે કે, આપ સાહેબશ્રી આ બાબતે અંગત રસ લઈ, ગ્રામ પંચાયતના ઠરાવની ગરિમા જળવાય અને વેપારીઓને અન્યાય ન થાય તે રીતે ભાડાના દરો નક્કી કરવા સંબંધિત વિભાગને જરૂરી આદેશો આપશો.

# બોટાદ ના ડો સંજય કણજરીયા એ ઓપરેશન વગર ભંગદર મટાડી બીજી વખત "વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા"માં સ્થાન પ્રાપ્ત કર્યું

ડૉ. સંજય એ. કણજરીયા શિવ હોમિયોપેથીક ક્લિનિક, બોટાદ, ગુજરાતના હોમિયોપેથીક તબીબ એ માત્ર હોમિયોપેથીક દવાઓ દ્વારા ૫૫૧૦ દ્વદ્બ ના ભંગદર ને કોઈપણ સર્જરી વિના અત્યાર સુધી નોંધાયેલ સૌથી મોટા ફિસ્ટ્યુલા-ઈન-એનોને સંપૂર્ણપણે સાજું કરી એક નોંધપાત્ર તબીબી સિદ્ધિ હાંસલ કરી છે. તેમની સારવાર હેઠળ રાજકોટ, ગુજરાતના નિવાસી શ્રી જિગ્નેશભાઈ શિનોજિયા ને ૫૫ મીમી લંબાઈ અને ૧૦ મીમી પહોળાઈ ધરાવતા ભંગદર ની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા.જેમણે અગાવ ત્રણ વખત ઓપરેશન કરાવી ચુક્યા હતા ત્યારબાદ, શિવ હોમીયોપેથી ક્લિનીકના ડૉ સંજય કણજરીયા નો સંપર્ક કર્યો. જેમણે સચોટ અને યોગ્ય રીતે આપવામાં આવેલી હોમિયોપેથીક દવાઓની સારવાર દ્વારા, આ રોગ ૩.૫ મહિનાની અંદર સંપૂર્ણપણે સાજો કર્યો.૨૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવેલા અનુસંધાન સ્ઁૈં સ્કેન દ્વારા તબીબી રીતે પુષ્ટિ થઈ કે ભંગદર સંપૂર્ણપણે ગાયબ થઈ ગયો છે, જે સર્જરી વિના સંપૂર્ણ સ્વસ્થતાનું સ્પષ્ટ પ્રમાણ આપે છે.

આ અસાધારણ તબીબી સિદ્ધિ હોમિયોપેથીક સારવારની સંભવિત અસરકારકતાને ઉજાગર કરે છે અને ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો. ડૉ સંજય કણજરીયા ની આં સિદ્ધિ ને બિરદાવી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાની ટિમ દ્વારા શિલ્ડ, ગોલ્ડ મેડલ અને સર્ટીફીકેટ એનાયત કરાયા. અગાવ ડૉ સંજય કણજરીયા દ્વારા ૨૧૫ દ્વદ્બ ના ભંગદરની ઓપરેશન વગર સફળ સારવાર વર્લ્ડ રેકોર્ડ સ્થાન પ્રાપ્ત કરી કરી ચુક્યા છે જેમણે પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડી બીજો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.ડૉસંજય કણજરીયા બોટાદ, શિવ હોમીયોપેથીક ક્લિનીક ખાતે છેલ્લા ૬ વર્ષથી સેવા આપે છે અને અંદાજિત હરશ, મસા, પથરી, ભંગદર ના ૧૦,૦૦૦+ કરતા વધારે દર્દીઓ ને ઓપરેશન માંથી મુક્તિ અપાવી ચુક્યા છે.

# થરાદ ટાઉનમાં વાહન ચેકિંગથી ૨.૩૨૦ ગ્રામ મેફેડ્રોન ઝડપાયો

**ગાંધીનગર મેટ્રો,** તા.૧૭

ગુજરાત રાજયના માન.ગૃહ મંત્રીશ્રીની સુચના મુજબ ગુજરાત રાજયમાં એન.ડી.પી.એસની "જીરો" ટોલરેન્સ નીતિ અંતર્ગત ગુજરાત રાજ્યના માન.ડી.જી.પી સાહેબ તથા પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબ નાઓએ એન.ડી.પી.એસ. લગત કેસો કરી કાયદેસર કાર્યવાહી કરવાની સુચના કરેલ. જે અન્વયે શ્રી એસ.એમ.વારોતરીયા વિભાગીય પોલીસ અધિક્ષક સાહેબશ્રી થરાદ વિભાગ થરાદનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સઘન અને ચુસ્ત વાહન ચેકીંગ કરી ગે.કા. પ્રવૃતી અટકાવવાની અમો એ.ટી.પેટલ પોલીસ ઈન્સપેક્ટર થરાદ પોલીસ સ્ટેશનનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો સાથે થરાદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન વાહન ચેકીંગ કરી રહેલ હતા દરમ્યાન બાતમી હકકીત આધારે એક મોટર સાઈકલ નંબર GJ08DQ8105 નું પકડી પાડી તેના ઉપર સવાર ચાલક સહિતના બંન્ને ઈસમોને મોટર સાઈકલ સાથે



પકડી માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સનું કુલ ચોખ્ખુ વજન-૨.૩૨૦ ગ્રામ જેની કિ.રૂ.૬૯૬૦/- તથા મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૨૫,૦૦૦/- તથા એક મોટર સાયકલ કિં.રૂ.૫૦,૦૦૦/- એમ મળી કુલ કિ.રૂ.૮૧,૯૬૦/- નો મુદ્દામાલ સાથે બે ઈસમોને મોટર સાઈકલ સાથે પકડી એન.ડી.પી.એક્ટ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ અને ગુજરાત સરકારના એન.ડી.પી.એસ લગત "જીરો" ટોલરાન્સ નીતી અંતર્ગત કેસ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે

# દધાલિયા ગામની શ્રીમતિ એસ.એસ પટેલ હાઈસ્કૂલના નવનિર્માણનો માટે યોજાયેલ કાર્યક્રમ સંપ્પન



મોડાસા તાલુકાના દધાલિયા ગામની શ્રીમતિ એસ.એસ પટેલ હાઈસ્કૂલના નવનિર્માણના ખાતમુહૂર્ત અને વર્ષ ૧૯૬૧થી ૨૦૨૫ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નો સ્નેહ મિલન કાર્યક્રમ તા.૧૪ અને ૧૫ ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો.આ સ્કુલના નવ નિર્માણ માટે મહેમાનો, મહાનુભાવો,શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો એ ઉદારભાવે વિદ્યા દાન માટે આર્થિક દાન કરી આયોજકો ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.શ્રીમતિ એસ.એસ પટેલ હાઈસ્કૂલ પરિસરમાં,નવનિર્માણ પામનાર હાયર સેકન્ડરી સ્કૂલના નામકરણ માટે શ્રી દધાલિયા કેળવણી મંડળ દ્વારા બોલી બોલાવવામાં આવી હતી,આ બોલીમાં દધાલિયા કેળવણી મંડળના પ્રમુખ જીગરભાઈ મહેતા અને મિનેષ ભાઈ મહેતાએ તેમના પિતા શ્રી સ્વ.જે બી મહેતા હાયર સેકન્ડરી સ્કૂલ ના નામકરણ માટે સંમતિ દર્શાવી હતી.

# વિનામૂલ્યે આયુર્વેદ, હોમિયોપેથી સારવારથી લોકોમાં જાગૃતિ

તા.૧૭

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર તથા નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા અરવલ્લી દ્વારા આયોજિત આયુષ મેળો વિનામૂલ્યે આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન-સારવાર મેગા કેમ્પનું મોડાસા તાલુકામાં ઉમિયા ધામ ખાતે યોજાયો.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર તથા નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન અને સહયોગ હેઠળ આયુર્વેદ શાખા, અરવલ્લી જિલ્લા દ્વારા આયોજિત આયુષ મેળોના ભાગરૂપે વિનામૂલ્યે આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન-સારવાર મેગા કેમ્પનું આયોજન મોડાસા તાલુકાના પ્રસિદ્ધ ઉમિયા ધામ ખાતે સફળતાપૂર્વક યોજાયું હતું.

આ મેગા કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીના અનુભવી ડોક્ટરો દ્વારા વિનામૂલ્યે વિગતવાર નિદાન (ચેક-અપ), પરામર્શ અને સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. લોકોને આયુષ (આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી) પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના લાભો વિશે જાગૃતિ અને માહિતી આપવામાં આવી હતી.કેમ્પમાં અલગ-અલગ વિભાગો દ્વારા આયુષની વિવિધ પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી અને પ્રદર્શન આપવામાં આવ્યું હતું: આયુષ મેળાના મેગા કેમ્પમાં અલગ-અલગ વિભાગો દ્વારા આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ તથા હોમિયોપેથી પદ્ધતિઓ વિશે વિગતવાર માહિતી અને વ્યવહારિક પ્રદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં આયુર્વેદને શરીર-મન-આત્માના સંતુલન પર આધારિત પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ તરીકે રજૂ કરવામાં આવ્યો અને ઔષધીય વનસ્પતિઓ, પંચકર્મ, આહાર વિધાન તથા જીવનશૈલી દ્વારા રોગ નિવારણ અને સારવારની વિગતો સમજાવવામાં આવી, યોગ અને નેચરોપેથીમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન તેમજ માટી ઉપચાર, જળ ઉપચાર, ઉપવાસ જેવા પ્રકૃતિ આધારિત ઉપચારો દ્વારા રોગપ્રતિરોધક શક્તિ વધારવા અને શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે વ્યવહારિક માર્ગદર્શન આપવામાં આવ્યું, યુનાની પદ્ધતિને ગ્રીક-અરબી



આધારિત તરીકે રજૂ કરીને શરીરના તત્વો (ખૂન, બલગમ, સફરા, સૌદા)ના સંતુલન પર ભાર મૂકી હર્બલ દવાઓ અને રેજીમેન્ટલ થેરાપી વિશે જાણકારી આપવામાં આવી, સિદ્ધ પદ્ધતિને દક્ષિણ ભારતીય (તમિલ) પરંપરાગત ચિકિત્સા તરીકે દર્શાવીને ધાતુઓ, ખનિજો અને વનસ્પતિઓના ઉપયોગથી તૈયાર થતી વિશેષ ઔષધીય તૈયારીઓ વિશે માહિતી આપવામાં આવી, તથા હોમિયોપેથીને "સમાનને સમાનથી ઉપચાર"ના સિદ્ધાંત પર આધારિત પદ્ધતિ તરીકે સમજાવીને અતિ સૂક્ષ્મ માત્રામાં દવાઓ દ્વારા શરીરની સ્વ-સારવાર ક્ષમતા જગાડવાની વાત કરી અને એલર્જી, ચામડીના રોગો, પાચન સમસ્યાઓ જેવા સામાન્ય રોગોની સારવાર તથા નિવારણ વિશે ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોર, નગરપાલિકા પ્રમુખશ્રી નીરજભાઈ શેઠ,આયુષ નિયામકશ્રી તેમજ મોટી સંખ્યામાં આયુર્વેદિક ડૉક્ટર અને તેમની ટિમ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા.

# ભક્તિ નગર રેલવે સ્ટેશન પાર્કિંગમાં અંધારુંઃ કોંગ્રેસ આગેવાનોએ લાઈટ ચાલુ કરવા માંગ કરી

શહેરના ભક્તિ નગર રેલવે સ્ટેશનના વાહન પાર્કિંગ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી લાઈટો બંધ હાલતમાં હોવાની ફરિયાદો સામે આવી છે. આ સમસ્યાને લઈને રાજકોટ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા વિભાગના પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા અને ઉપપ્રમુખ મિલનભાઈ આડેસરાએ રેલવે વિભાગના અધિકારીઓને જાણ કરીને તાત્કાલિક લાઈટો ચાલુ કરવાની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભક્તિ નગર રેલવે સ્ટેશન પર આવતા મુસાફરો અને નાગરિકો માટે બનાવાયેલા પાર્કિંગ વિસ્તારમાં ઘણી લાઈટો લાંબા સમયથી બિનકાર્યરત છે. આને કારણે સાંજ પડતાં જ આખો પાર્કિંગ વિસ્તાર અંધારામાં ડૂબી જાય છે, જેના કારણે વાહનો પાર્ક કરવા આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધારાના કારણે રાહદારીઓને ચાલવામાં તકલીફ પડે છે, તેમજ વાહનો પાર્ક કરતી વખતે અકસ્માત થવાની પણ સંભાવના વધી જાય છે. આ ઉપરાંત, અંધારાનો લાભ લઈને અનિચ્છનીય તત્વો સક્રિય થઈ શકે છે, જેનાથી પાર્ક કરેલા વાહનોની સુરક્ષાનો પણ પ્રશ્ન ઊભો થાય છે. આ સમસ્યાના નિવારણ માટે કોંગ્રેસ આગેવાનો જીજ્ઞેશ વાગડીયા અને મિલનભાઈ આડેસરા રેલવે સ્ટેશન પર પહોંચ્યા હતા અને પાર્કિંગ વિસ્તારની બંધ લાઈટોની નોંધ લીધી હતી. બંને આગેવાનોએ આ મામલે રેલવેના ઈલેક્ટ્રોનિક્સ વિભાગના અધિકારીઓનો સંપર્ક કરીને જાણ કરી હતી કે, લાંબા સમયથી બંધ પડેલી આ લાઈટોને તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે, જેથી નાગરિકોને હેરાનગતિમાંથી મુક્તિ મળી શકે.

# સાબરકાંઠા જિલ્લાને મળી આધુનિક રેલ સુવિધાની ભેટ

સાબરકાંઠા જિલ્લામા હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે સાંસદ શોભનાબેન બારૈયાના હસ્તે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ

સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે આજે ઐતિહાસિક દિવસ રહ્યો છે. રેલ્વે મંત્રાલય દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય મુજબ, ઉદયપુર – અસારવા વંદે ભારત એક્સપ્રેસને હવે હિંમતનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવામા આવ્યુ છે. આ સ્ટોપેજથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આસપાસના વિસ્તારના લોકો હવે માત્ર ગણતરીના કલાકોમા અમદાવાદ અથવા ઉદયપુર પહોંચી શકશે. અમદાવાદ અને રાજસ્થાન સાથે સીધી અને ઝડપી કનેક્ટિવિટી મળતા સ્થાનિક વેપાર, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે. ×આ સ્ટોપેજ માત્ર એક ટ્રેન ઊભી રાખવાનો નિર્ણય નથી, પરંતુ હિંમતનગરના વિકાસ માટેનો એક નવો માઈલસ્ટોન છે. વિદ્યાર્થીઓ, વેપારીઓ અને દર્દીઓ માટે અમદાવાદ જવુ હવે વધુ સુલભ અને આરામદાયક બનશે. આ અવસરે રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, રાજ્યસભા સાંસદ મયંકભાઈ નાયક, જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુ, મુખ્ય પોલીસવડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ, રેલવે વિભાગના અધિકારીશ્રી, વિવિધ પદાધિકારીશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat